# ફરી લઠ્ઠાકાંડ!! પાટણમાં દારૂ પીવાથી બે યુવકનાં મોતના આક્ષેપ

**ભાટસર** અને ઈટોદરા ગામની ઘટનામાં પરિજનોના આક્ષેપ

ગાંધીનગર: ભાવનગર લઠ્ઠાકાંડના પડઘા હજુ શમ્યા નથી ત્યાં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ભાટસર અને ઈટોદરા ગામમાં બે વ્યક્તિનાં દારૂ પીવાના કારણે મોત થયાના આક્ષેપથી ચકચાર મચી છે. ભાટસર ગામના 40 વર્ષીય રમેશભાઈ રાવળ અને ઈટોદરા ગામના 35 વર્ષીય લાભુજી ઠાકોરનાં મોતને પરિવારજનોએ દેશી દારૂ સાથે સાંકળીને ગેરકાયદે રીતે કેનાલ પર વેચાતા દારૂ સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે ચાણસ્મા તાલુકાના ભાટસર ગામમાં 40 વર્ષીય રમેશ રાવળનું મોત થયું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ રમેશભાઈ છેલ્લા ઘણા વર્ષોથી દેશી દારૂનું સેવન કરતાં હતા અને દારૂ પીવાના કારણે તેમનું મોત થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજી તરફ ઈટોદરા ગામમાં 35 વર્ષીય લાભુજી ઠાકોરનું પણ મોત થયું હતું. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે લાભુજી દારૂ પીધા બાદ બીમાર પડ્યા હતા અને તેમનું મોત થયું હતું. દારૂ કેનાલ પર ખુલ્લેઆમ વેચાતો હોવાનો પણ પરિવારજનોએ આક્ષેપ કરી દારૂબંધીના કડક અમલની માંગ કરી છે. લાભુજી ઠાકોર બે નાના બાળકોના પિતા હોવાનું પણ સામે આવ્યું છે. પરિવારના મોભીના અવસાનથી પરિવારની આર્થિક જવાબદારીનો મોટો પ્રશ્ન ઊભો થયો છે.

### ધારાસભ્યએ પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા

ઘટનાની જાણ થતાં ચાણસ્માના ધારાસભ્ય દિનેશ ઠાકોરે બંને મૃતકોના પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી હતી. ધારાસભ્યે જિલ્લામાં દારૂ અને જુગાર જેવી બદીઓ પર અંકુશ મેળવવાની જવાબદારી પોલીસની હોવાનું જણાવી પોલીસની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે પાટણ એલસીબી પોલીસ સામે હપ્તાખોરી અને બેદરકારીના ગંભીર આક્ષેપો કરતાં દારૂના કારણે કિંમતી માનવજીવન નષ્ટ થઈ રહ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો.

### લઠ્ઠાકાંડ થયો નથી: એસીપી

દરમિયાન પાટણ પોલીસ વડાના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં કોઈ લઠ્ઠાકાંડ થયો નથી અને બંને વ્યક્તિઓનાં મોત ઝેરી દારૂ પીવાથી થયાં નથી. બંને વ્યક્તિઓનાં મોત આજકાલમાં નહીં પરંતુ ચારથી પાંચ દિવસ અગાઉ થયાં હતાં અને બંને બનાવો અલગ-અલગ કારણોસર બન્યા હતા. બંને મોત અંગે મૃતકના પરિવારજનો કે હોસ્પિટલ તરફથી દારૂ પીવાથી મોત થયું હોવાની કોઈ જાણ પોલીસને કરવામાં આવી ન હતી. તેથી હાલ આ બંને બનાવોને ભાવનગર લઠ્ઠાકાંડ સાથે જોડવા અંગે કોઈ આધારભૂત માહિતી પોલીસ તપાસમાં સામે આવી નથી. આમ, પરિવારજનો અને ધારાસભ્યના આક્ષેપો વચ્ચે પોલીસની સત્તાવાર સ્પષ્ટતાથી મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

### શ્રાવણના ત્રીજા સોમવારે શિવાલયોમાં ભક્તોની ભીડ ઊમટી



પવિત્ર શ્રાવણ માસમાં ભોળાનાથને ભજવાનો ઉત્તમ અવસર હોય, રાજ્ય ભરના શિવાલયોમાં રોજે રોજ ભક્તોની ભીડ રહે છે અને જ્યારે આજે શ્રાવણના ત્રીજા સોમવારે શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળ્યું હતું. (તસવીર: જનક પટેલ)

# ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર હવે ૯ સપ્ટેમ્બરથી

**રાજ્યપાલે** અગાઉનું ૮ સપ્ટેમ્બરનું આહવાન રદ કરી નવી તારીખ જાહેર કરી

**૯થી ૧૧** સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસ ચાલનારા સત્રમાં મહત્ત્વના વિધેયકો પર ચર્ચા થશે



ગાંધીનગર: ગુજરાત વિધાનસભાના નવમા સત્રની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અગાઉ તા. ૮ સપ્ટેમ્બરથી વિધાનસભાનું સત્ર બોલાવવાનું આહવાન કર્યું હતું, જે હવે રદ કરીને આજે તા. ૩૧ ઓગસ્ટે નવા આહવાન દ્વારા સત્ર તા. ૯ સપ્ટેમ્બરથી બોલાવવાનો નિર્ણય કર્યો છે. હવે ગુજરાત વિધાનસભાનું નવમું સત્ર તા. ૯, ૧૦ અને ૧૧ સપ્ટેમ્બર એમ કુલ ત્રણ દિવસ સુધી ચાલશે. રાજ્યપાલ દ્વારા તા. ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ કરાયેલા આહવાન મુજબ નવમું સત્ર અગાઉ તા. ૮ સપ્ટેમ્બરે મળવાનું નિર્ધારિત હતું. જોકે, આજે આ અગાઉનું આહવાન રદ કરી નવેસરથી સત્ર તા. ૯ સપ્ટેમ્બરે મળવાનું આહવાન કરવામાં આવ્યું છે.

ત્રણ દિવસના આ સત્ર દરમિયાન સરકારી કામકાજ ઉપરાંત વિવિધ સરકારી વિધેયકો, છેલ્લા દિવસનો પ્રસ્તાવ તેમજ કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસારની કામગીરી હાથ ધરવામાં આવશે. વિધાનસભાના ટૂંકા સત્રને ધ્યાનમાં રાખીને સરકારના મહત્ત્વના વિધેયકો અને અન્ય સરકારી કામકાજ પર ચર્ચા થવાની શક્યતા છે. સત્રની તારીખમાં થયેલા ફેરફારને પગલે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ તારાંકિત પ્રશ્નોત્તરી અંગે પણ નિર્ણય કર્યો છે. હવે તા. ૯, ૧૦ અને ૧૧ સપ્ટેમ્બરના રોજ પ્રશ્નોત્તરીકાળ દરમિયાન તારાંકિત પ્રશ્નોત્તરી હાથ ધરવામાં આવશે.

# રક્ષાબંધને રક્ષક બની બહેને પાળ્યો ધર્મ: મહિલાના અંગદાનથી 4ને નવજીવન

**પરિવારે** દુ:ખની ઘડીમાં અંગદાનનો લીધો નિર્ણય, હૃદય, લીવર અને બે કિડનીનું દાન

અમદાવાદ: રક્ષાબંધનના પવિત્ર પર્વએ એક બહેને અંતિમ વિદાય બાદ પણ ચાર અજાણ્યા પરિવારોની રક્ષા કરી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બ્રેઈન હેમરેજ બાદ બ્રેઈનડેડ જાહેર કરાયેલી ૪૧ વર્ષીય મહિલાના પરિવારજનોએ શોકની ઘડીમાં પણ હિંમત દાખવી ગુપ્ત અંગદાનનો નિર્ણય લીધો હતો. આ મહાદાનથી મળેલા એક હૃદય, એક લીવર અને બે કિડની ચાર જરૂરિયાતમંદ દર્દીઓના જીવનમાં આશાનું નવું કિરણ બની છે.

૪૧ વર્ષીય મહિલાને ગંભીર બ્રેઈન હેમરેજ થતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલના સઘન સારવાર વિભાગમાં દાખલ કરવામાં આવ્યા હતા. તબીબોની સઘન સારવાર છતાં તા. ૨૭ ઓગસ્ટના રોજ તેમને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સિવિલ હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. નિમેશ દેસાઈએ પરિવારજનોને અંગદાનના મહત્ત્વ અંગે સમજ આપી હતી. દુ:ખની આ અત્યંત કપરી ક્ષણમાં પણ પરિવારજનોએ સહર્ષ સંમતિ આપી અંગદાનનો ઉમદા નિર્ણય લીધો હતો. સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, રક્ષાબંધનના પાવન પર્વે એક બહેનના અંગદાનથી ચાર પરિવારોમાં ખુશીઓની નવી સવાર ઊગી છે. અંગદાન માત્ર અંગોનું દાન નથી, પરંતુ કોઈના નિરાશ જીવનમાં આશા અને ખુશીઓ લાવવાનું શ્રેષ્ઠ મહાદાન છે. અંગદાનથી મળેલું હૃદય યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીમાં પ્રત્યારોપિત કરવામાં આવશે. જ્યારે એક લીવર અને બંને કિડની આઈ.કે. ડી.આર.સી. હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપિત કરવામાં આવશે. આમ, એક પરિવારના દુ:ખમાંથી ચાર પરિવારો માટે જીવનની નવી આશા સર્જાઈ છે.

# એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની ધમકીના પગલે અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડિંગ

**શૌચાલયમાંથી** બોમ્બ હોવાનું લખેલું ટીશ્યુ પેપર મળી આવ્યું, શંકાસ્પદ વસ્તુ નહીં મળતા રાહત

અમદાવાદ: અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આજે દમામથી નવી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટને બોમ્બની ધમકી મળતાં અમદાવાદ ડાયવર્ટ કરી ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ફ્લાઈટના શૌચાલયમાંથી બોમ્બ હોવાની ધમકી લખેલું ટીશ્યુ પેપર મળી આવતાં પાઈલટ અને ક્રૂએ તાત્કાલિક સુરક્ષા તંત્રને જાણ કરી હતી. અમદાવાદમાં વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ કરાવી તેને અલગ રાખવામાં આવ્યું હતું અને તમામ 32 મુસાફર તથા ક્રૂ સભ્યોને સુરક્ષિત રીતે ટર્મિનલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્નિફર ડોગ્સ, સીઆઈએસએફ અને પોલીસની ટીમોએ વિમાન, મુસાફરોના સામાન તથા કાર્ગોની સઘન તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં કોઈ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી આવી ન હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી પ્રમાણે દમામ, સાઉદી અરેબિયાથી નવી દિલ્હી જતી એર ઈન્ડિયાની ફ્લાઈટ હવામાં હતી, ત્યારે તેના શૌચાલયમાંથી એક ટીશ્યુ પેપર મળી આવ્યું હતું. આ ટીશ્યુ પેપર પર વિમાનમાં બોમ્બ હોવાની ધમકી લખવામાં આવી હતી. ધમકીભર્યો સંદેશ નજરે પડતાં જ ફ્લાઈટના ક્રૂ સભ્યોએ તાત્કાલિક પાઈલટને જાણ કરી હતી. આ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં લઈને પાઈલટે એર ટ્રાફિક કન્ટ્રોલનો સંપર્ક સાધ્યો હતો અને નજીકના અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ માટે મંજૂરી માંગી હતી. મંજૂરી મળતાં જ ફ્લાઈટને અમદાવાદ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. બીજી તરફ અમદાવાદ એરપોર્ટ પર ધમકીની જાણ થતાં જ સુરક્ષા તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું હતું અને ઈમરજન્સી પ્રોટોકોલ લાગુ કરવામાં આવ્યો હતો. આ ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર પહોંચતા જ રનવે નજીક ફાયર વિભાગની ગાડીઓ, એમ્બ્યુલન્સ સહિતની જરૂરી વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ થયા બાદ તેને આઈસોલેશન બેમાં લઈ જવામાં આવ્યું હતું. વિમાનને અલગ રાખ્યા બાદ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ, સ્નિફર ડોગ્સ, સીઆઈએસએફ અને સ્થાનિક પોલીસની ટીમોએ સમગ્ર વિમાનની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. વિમાનની અંદર વિવિધ સ્થળોની તપાસ ઉપરાંત મુસાફરોના સામાન અને કાર્ગોનું પણ સઘન સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. ફાયર વિભાગની ટીમો પણ ઘટનાસ્થળે તૈનાત રહી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન વિમાનમાંથી કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. જેના પગલે સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, ધમકીભર્યો સંદેશ કોણે અને કયા ઈરાદાથી લખ્યો હતો તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. ધમકી કોને અને ક્યાંથી આપવામાં આવી તે શોધવા માટે સુરક્ષા એજન્સીઓ દ્વારા સાયબર સેલની મદદ પણ લેવામાં આવી રહી હોવાનું જાણવા મળ્યું છે.

# નાસીરનગર ડિમોલિશન કેસમાં મામલો આવાસોની ફાળવણીમાં ગૂંચવાયો

**હાઈકોર્ટે** અરજદારોની રજૂઆતને પગલે કેસની મુખ્ય અરજીને 'પાર્ટ હર્ડ' રાખવા નિર્ણય કર્યો

**જે** આવાસો બતાવ્યા તે આપ્યા નહીંની અસરગ્રસ્તોની રજૂઆત, સામે ડ્રોમાં અસરગ્રસ્તોની ગેરહાજરીનો મુદ્દો

અમદાવાદ: સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં ગુજરાત હાઇકોર્ટે મહત્વનો નિર્ણય લેતાં મુખ્ય અરજીને 'પાર્ટ હર્ડ' રાખવાની મંજૂરી આપી છે. પરિણામે કેસની આગળની સુનાવણી હવે જે વર્તમાન બેન્ચ સમક્ષ થઈ રહી છે તે જ બેન્ચ સમક્ષ હાથ ધરાશે. સુનાવણી દરમિયાન અસરગ્રસ્ત પરિવારોને જહાંગીરપુરામાં સારા અને સુવિધાસભર આવાસ બતાવ્યા બાદ અડાજણ અને ભેસ્તાણ વિસ્તારમાં અત્યંત જર્જરિત મકાનો ફાળવવામાં આવ્યા હોવાની અરજદાર પક્ષે રજૂઆત કરી હતી. આ અંગેના ફોટોગ્રાફ્સ અને અસરગ્રસ્તો લકી ડ્રોમાં હાજર રહ્યા હોવાના વીડિયો પુરાવા પણ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

અસરગ્રસ્તો તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે, વહીવટી તંત્ર દ્વારા શરૂઆતમાં જહાંગીરપુરા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના ૧-બીએચકેના યોગ્ય મકાનો બતાવવામાં આવ્યા હતા અને અસરગ્રસ્તો ત્યાં રહેવા માટે સંમત પણ થયા હતા. જોકે, ત્યારબાદ અચાનક નિર્ણય બદલીને અડાજણ અને ભેસ્તાણ વિસ્તારમાં આવેલા અત્યંત દયનીય હાલતના મકાનો ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

અરજદાર પક્ષના વકીલે કોર્ટમાં અડાજણ અને ભેસ્તાણના આવાસોના ફોટોગ્રાફ્સ રજૂ કરી તેની સ્થિતિ અંગે રજૂઆત કરી હતી. આ મકાનોમાં માત્ર એક નાનું રસોડું અને એક રૂમ જેવી અત્યંત સાંકડી જગ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. બીજી તરફ, સુરત મહાનગરપાલિકા દ્વારા મકાનોની ફાળવણી માટે યોજાયેલા લકી ડ્રોમાં અસરગ્રસ્તો હાજર રહ્યા નહોતા તેવો દાવો કરવામાં આવ્યો હતો. તેના જવાબમાં અરજદાર પક્ષે તમામ અસરગ્રસ્તો ડ્રોમાં હાજર રહ્યા હોવાનું દર્શાવતા વીડિયો ફૂટેજ પણ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા.

### સરકારી પક્ષે જવાબ માટે સમય માંગ્યો

સરકારી વકીલે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે, મૂળ અસરગ્રસ્તોની સાથે કેટલાક વધારાના બિનઅધિકૃત લોકો પણ નવા મકાનો મેળવવાની પ્રક્રિયામાં જોડાઈ ગયા હતા. અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં કરાયેલી રજૂઆતોનો વિગતવાર જવાબ આપવા માટે સરકારી પક્ષે વધુ સમય માગ્યો હતો. આ તબક્કે અરજદાર પક્ષે કોર્ટને વિનંતી કરી હતી કે કેસમાં અત્યાર સુધી વિસ્તૃત દલીલો થઈ ચૂકી હોવાથી તેનો આખરી નિકાલ વર્તમાન બેન્ચ દ્વારા જ કરવામાં આવે. આ રજૂઆતને ધ્યાનમાં લેતાં કોર્ટે મુખ્ય અરજીને 'પાર્ટ હર્ડ' રાખવાની મંજૂરી આપી હતી. હવે કેસની આગામી કાર્યવાહી પણ આ જ વર્તમાન બેન્ચ સમક્ષ આગળ વધશે.

### ગેરકાયદે ડિમોલિશન સાબિત થાય તો પુન:વસનનો ખર્ચ તંત્રએ ભોગવવો પડશે

અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉની સુનાવણી દરમિયાન ગુજરાત હાઇકોર્ટે નાસિરનગર ડિમોલિશન મામલે કડક વલણ અપનાવ્યું હતું. કોર્ટ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું હતું કે જો સત્તાધિકારીઓ દ્વારા ગેરકાયદે ડિમોલિશન કરવામાં આવ્યું હોવાનું સામે આવશે તો અસરગ્રસ્ત પરિવારોના પુન:વસનની સંપૂર્ણ આર્થિક જવાબદારી તંત્રની રહેશે અને ગરીબ અસરગ્રસ્તો પાસેથી તેના માટે કોઈ નાણાં વસૂલવામાં નહીં આવે. નાસિરનગરમાં થયેલા ડિમોલિશનમાં સુરત મહાનગરપાલિકાના જવાબદાર અધિકારીઓ તેમજ પોલીસ અધિકારીઓની ભૂમિકાની તપાસ માટે ઉચ્ચસ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિને આગામી તા. ૧૮ સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર મામલે વિગતવાર તપાસ અહેવાલ રજૂ કરવાનો છે.

# મહેસાણામાં ફોર્ચ્યુનર કારને ટક્કર મારી બે રાઉન્ડ ગોળીબાર

**જૂની** અદાવતમાં ફાયરિંગ થયું હોવાની પોલીસને શંકા

**ફાયરિંગ** કરી હુમલાખોર ફરાર, ઘટનામાં બેને ઈજા

ગાંધીનગર: મહેસાણાની નાગલપુર ચોકડી નજીક રવિવારે રાત્રે જાહેરમાં થયેલા સનસનાટીભર્યા ફાયરિંગના બનાવથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો. ફોર્ચ્યુનર કારમાં બેઠેલા ભાવેશ ઝીલિયાને અજાણ્યા હુમલાખોરોએ તેની કારને ત્રણ વખત ટક્કર મારી, ત્યારબાદ બે રાઉન્ડ ફાયરિંગ કરી નાસી છૂટ્યા હતા. ગોળીબારની આ ઘટનામાં ભાવેશ ઝીલિયા સહિત બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી.

આ બનાવ અંગે મળતી માહિતી પ્રમાણે ગઈકાલ રવિવાર રાત્રે ભાવેશ ઝીલિયા પોતાની ફોર્ચ્યુનર કાર લઈને નાગલપુર ચોકડી નજીક હતો. ત્યારે અચાનક અજાણ્યા શખસો ત્યાં આવી પહોંચી, હુમલાખોરોએ ફિલ્મી ઢબે પોતાની કારથી ભાવેશ ઝીલિયાની ફોર્ચ્યુનર કારને એક પછી એક ત્રણ વખત ધડાકાભેર ટક્કર મારી હતી. કારને ટક્કર માર્યા બાદ હુમલાખોરોએ ભાવેશ ઝીલિયાને નિશાન બનાવી બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. આ ટક્કરના કારણે ફોર્ચ્યુનર કારને નુકસાન થયું હતું. જાહેર રસ્તા પર અચાનક થયેલા ફાયરિંગના કારણે આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી અને લોકોમાં ભય ફેલાયો હતો.

ફાયરિંગની ઘટનામાં ભાવેશ ઝીલિયા સહિત તેની સાથે રહેલા અન્ય એક શખસને ઈજાઓ પહોંચી હતી. બનાવ બાદ આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જાહેરમાં ફાયરિંગની ગંભીર ઘટનાની જાણ થતાં જ મહેસાણા પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું. પોલીસ અધિકારીઓ સહિત લોકલ ક્રાઈમ બ્રાંચ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે નાગલપુર ચોકડી તેમજ આસપાસના વિસ્તારમાં તપાસ હાથ ધરી હુમલાખોરો કઈ દિશામાં ફરાર થયા તે અંગે માહિતી મેળવવા માટે સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યું છે.

### જેની પર ફાયરિંગ થયું તે ભાવેશ ઝીલિયા સામે વિવિધ ગુના નોંધાયેલા છે

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ભાવેશ ઝીલિયા અગાઉથી વિવિધ ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હોવાનું સામે આવ્યું છે અને તેની સામે પોલીસ ચોપડે ગુનાઓ નોંધાયેલા છે. જેના પગલે હાલના હુમલા પાછળ કોઈ જૂની અદાવત અથવા અગાઉના વિવાદની ભૂમિકા છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ શરૂ કરી છે. હુમલાખોરોને ઝડપી પાડવા માટે પોલીસે વિવિધ સ્થળોએ નાકાબંધી કરી છે. હુમલામાં ઉપયોગમાં લેવાયેલા વાહન અને આરોપીઓની ઓળખ મેળવવા માટે પણ તપાસ ચાલી રહી છે. આ સમગ્ર મામલે પોલીસે હુમલાખોરોને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# બારડોલી તાલુકા પંચાયતનાં માજી સભ્યના પતિનો ફાંસો ખાઈ આપઘાત

બારડોલી: બાબેન ગામના બારડોલી તાલુકા પંચાયતના ભૂતપૂર્વ મહિલા સદસ્યના પતિએ પોતાના જ ઘરમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બાબેન ગામના હળપતિવાસમાં બારડોલી તાલુકા પંચાયતનાં માજી સદસ્ય શકુંતલાબેન રાઠોડ તેમના પતિ સન્મુખભાઈ ભરતભાઈ રાઠોડ સાથે વસવાટ કરતાં હતાં. ૪૫ વર્ષીય સન્મુખભાઈએ સોમવારે સવારે પોતાના ઘરમાં જ બારી સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું.

આ અણધારી ઘટનાને પગલે પરિવાર અને ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. સ્થાનિક સૂત્રો અને મળતી વિગતો મુજબ મૃતક સન્મુખભાઈને દારૂ પીવાની લત હતી. આ વ્યસનને કારણે છેલ્લા કેટલાક દિવસોથી તેઓ માનસિક અસ્થિરતાનો સામનો કરી રહ્યા હતા.

માનસિક તાણ અને વ્યસનની આદતથી કંટાળીને જ તેમણે આ આત્યંતિક પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. બારડોલી પોલીસે ઘટના સ્થળે પહોંચી સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરી છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૮ | | ૯ | | | | ૬ |
| | ૬ | | | ૮ | | ૯ | | |
| | ૩ | | | ૬ | ૧ | ૮ | | ૭ |
| | ૨ | | ૩ | ૭ | | | ૬ | ૧ |
| | ૭ | ૩ | | ૧ | | ૪ | ૯ | ૨ |
| ૬ | ૧ | | ૫ | ૪ | ૨ | | | ૮ |
| ૪ | | | | ૩ | ૭ | ૨ | ૮ | |
| ૨ | ૯ | | | | | ૬ | ૭ | ૩ |
| | ૮ | ૭ | | | ૬ | ૧ | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### અજીર્ણ - મંદાગ્નિ

ખોરાક નું યોગ્ય પાચન ના થાય તો ભૂખ મરી જાય છે. ચિત્રક મૂળ એને માટે ઉત્તમ છે. ચિત્રકાદિ વટી ની ગોળીઓ બે થી ચાર જમ્યા પછી પાણી અથવા છાશ સાથે લો. સ્વાદિષ્ટ હોય છે. ચૂસીને પણ લઇ શકો છો.

## આજનું પંચાંગ

**તા. 01/09/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** શ્રાવણ
**તિથિ:** વદ: ચોથ: 07:43 પછી પાંચમનો ક્ષય છે.
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** શરદ
**રાષ્ટ્રિય દિનાંક :** ભાદરવો: 10
**યોગ :** વૃદ્ધિ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** અશ્વિની: 26:43
**રાશિ:** મેષ (અ,લ,ઈ)
**દિવસ :** અશુભ- મંગલાગૌરી પૂજન- નાગપંચમી
**સુરતમાં સૂર્યોદય :** 06:24 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:54
**નવકારસી :** 07:12
**પારસી વર્ષ :** 1396 ફરવરદીન માસનો 18મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 રબિઉલ અવલ માસનો 18મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુકાળ :** બપોરે: 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** તમારી મહેનતનું ફળ જોવા મળશે. વેપાર ધંધામાં લાભ થાય. સામાજિક સંબંધો મજબૂત બનશે. નવી તક મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરીમાં ટીમવર્કથી સફળતા મળે. પ્રવાસ શિક્ષણ, દલાલીને લગતાં કામ થાય. મિત્રોની સાથે નવો કામ મળે.

**મિથુન (ક,છ,ઘ,):** આર્થિક બાબતે લેવડ-દેવડમાં સાવધાની રાખવી. સંતાન બાબતે ચિંતા વધે. માનસિક પીડા અને ખર્ચા વધશે.

**કર્ક (ડ,હ,):** સાહસિક અને નીડર બનશો. આરોગ્ય બાબતે સાવધાન કુટુંબજીવનમાં સફળતા મળે. નોકરીમાં નવી જવાબદારી વધે.

**સિંહ (મ,ટ,):** અચાનક ખર્ચા વધશે. આંખની કાળજી રાખવી. ઉધાર લેવા-દેવાનું ટાળવું. ધાર્મિક પ્રવાસ થાય.

**કન્યા (પ,ઠ,ણ,):** નવા મિત્રોથી સાવધાન, પ્રેમમાં લાગણીપર કાબુ રાખવો. શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામમાં પ્રગતિ થાય.

**તુલા (ર,ત,):** નોકરીમાં નવી તક ઊભી થાય. ધંધામાં આવક વધે. કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સામાજિક કામમાં યશ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** શત્રુઓથી સાવધાન અને ખાવા-પીવા બાબતે સંયમ રાખવો. સરકારી કામમાં પ્રગતિ થાય.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વિદેશમાં અભ્યાસની યોજનાને ગતિ મળે. સંતાન-જીવન સાથીનાં કામ થાય. મિત્રોનો સાથ મળે.

**મકર (ખ,જ,):** નોકરીમાં નવા ફેરફાર કે સ્થાન ફેરથી જવાબદારી વધશે. વડીલોના આરોગ્યની ચિંતા વધે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આત્મવિશ્વાસ વધશે. મિત્રોનો સાથ મળે. નવા કામમાં સફળતા મળે. આવક વધારવાની યોજના બને.

**મીન (દ,ચ,ઝ,થ,):** ખાણી-પીણી, શિક્ષણ, માર્કેટીંગ, વગેરે કામમાં લાભ થાય. ઉઘરાણીની ચિંતા હળવી થાય.

### કોઈ પણ સાલમાં 01 સપ્ટેમ્બરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરીમાં ચડતી-પડતી અને વેપાર-ધંધા- વ્યવસાયમાં હરીફોની હેરાનગતી સતાવે. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં અશાંતિ અને અવરોધનો અનુભવ વધે. આર્થિક રીતે સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે. ટેકનોલોજીનો લાભ મળે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં વિઘ્નોનો સામનો કરવો પડે. વિદેશના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓને નવી ટેકનોલોજીનો લાભ મળે. મિત્રો-વડીલોની મદદ સામાજિક, વારસા, જાયદાત, જમીન જેવા કામમાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના મધ્ય વર્ષમાં સફળ બને. વધારાની આવકની યોજનામાં ચડતી-પડતી રહે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઈ, ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10,28 તારીખે નવા કામ કરવો. સોનેરી, ભૂરા અને કથઈ રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર, 07,16,25 તારીખે નવા કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવના ઉપાય કરતા રહેવું.

# ગુજરાતમાં ગુટખા-પાન મસાલા પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ લંબાવાયો

**ગુજરાતમાં** વર્ષ-૨૦૧૨થી ગુટખા અને પાન મસાલા પર પ્રતિબંધ અમલમાં છે

ગાંધીનગર: ગુજરાતમાં તમાકુ અને નિકોટીનના સેવનથી થતાં ગંભીર આરોગ્ય જોખમોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ગુટખા અને પાન મસાલા પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવ્યો છે. રાજ્યભરમાં તમાકુ કે નિકોટીન ધરાવતા ગુટખા અને પાન મસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ પર તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨થી અમલમાં રહેલા આ પ્રતિબંધને વધુ એક વર્ષ લંબાવવાનો નિર્ણય કમિશનર ઓફ ફૂડ સેફ્ટી તંત્ર દ્વાર લેવાયો છે.

પ્રતિબંધનો અમલ માત્ર ગુટખા કે પાન મસાલાના તૈયાર ઉત્પાદન પૂરતો મર્યાદિત નહીં રહે, પરંતુ કોઈપણ નામે ઓળખાતા તમાકુ અથવા નિકોટીનયુક્ત ગુટખા અને પાન મસાલા ઉપરાંત અલગ-અલગ વેચાતા એવા ઘટકો, જેના મિશ્રણથી અંતિમ ઉત્પાદન તરીકે ગુટખા કે પાન મસાલા તૈયાર થતા હોય, તેના પર પણ લાગુ પડશે. પ્રતિબંધનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. કમિશનર ઓફ ફૂડ સેફ્ટી તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર, ટાટા મેમોરિયલ હોસ્પિટલ, ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ તથા 'હેમર'ના સંશોધનોમાં ગુટખા અને પાન મસાલાના સેવનને કેન્સરકારક ગણાવવામાં આવ્યું છે. ખાસ કરીને તેના સેવનથી મોઢાના કેન્સરનું જોખમ અત્યંત વધી શકે છે. નાગરિકોના આરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજ્યમાં આ પ્રતિબંધને સતત ચાલુ રાખવામાં આવ્યો છે.

### 35 ટકા લોકો તમાકુ, 21 ટકા ધુમાડા વગરના તમાકુનું સેવન કરે છે

દેશમાં તમાકુના સેવન અંગેના 'ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે'ના અહેવાલને ટાંકતાં યાદીમાં જણાવાયું છે કે, દેશમાં ૩૫ ટકા પુખ્ત વયના લોકો તમાકુનું સેવન કરે છે, જ્યારે ૨૧ ટકા લોકો ધુમાડા વગરના તમાકુનો ઉપયોગ કરે છે. તમાકુના સેવનથી ઊભા થતા આરોગ્ય જોખમોને ધ્યાનમાં રાખીને રાજ્યમાં પ્રતિબંધનો કડક અમલ કરવાનો નિર્ણય લેવાયો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨થી ગુટખા અને પાન મસાલા પર પ્રતિબંધ અમલમાં છે. નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા ઉપરાંત વિવિધ બિનસરકારી સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને પણ ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ પ્રતિબંધને વધુ એક વર્ષ માટે લંબાવ્યો છે.